શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO. : MAHGUJ/2006/17870 તંત્રી : લક્ષ્મીચંદ પોપટલાલ ચરલા

વર્ષ : ૧૦ ▫ અંક : ૯૯ ▫ સળંગ અંક : ૨૮૦૯ ▫ પાના : ૧૬ સૂર્યોદય : ૬.૧૮ www.kutchvagad.com સૂર્યાસ્ત : ૭.૧૨ સં. ૨૦૭૨ : અષાઢ વદ-૦)), મંગળવાર, તા. ૨ ઓગસ્ટ, ૨૦૧૬

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ✻ ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ✻ ફેક્સ : ૨૮૮૮૪૩૪૬ કિંમત : રૂા. ૨/-

## સામાજિક

### "તેશીયાણી મહિલા મંડળ"

### "RENEW-RENEW-RENEW"

જોત જોતામાં આપણું એક વર્ષ વીતી ગયું આપણને કંઇ ખબર પડી નથી હવે આપણે બીજા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, તો બહેનો થઇ જાવ તૈયાર મેમ્બર બનવા માટે. (વર્ષના ૪ પ્રોગ્રામ અને રૂા. ૨૦૦૦ ભરવાના રહેશે). નવા મેમ્બર્સ આવકાર્ય છે, તેઓએ રૂા. ૨૦૦૦ +૨ ફોટો આપવાના રહેશે જેને મેમ્બર બનવું હોય તેઓ પોતાની નજીક રહેતા કમિટી મેમ્બર્સ પાસે પણ રીન્યુ કરાવી શકે છે અથવા તો શ્રી સામખીયારી યુવક મંડળની ઓફિસ, ૧લે માળે, નવરંગ થીયેટરની સામે, અંધેરી (વેસ્ટ)માં પણ રીન્યુ કરાવી શકે છે.

* મેમ્બર બનવા માટેની છેલ્લી તારીખ તા. ૩ ઓગસ્ટ અને ૪ ઓગસ્ટ ૨૦૧૬, સમયઃ ૪ થી ૬.

* ૪ તારીખ પછી કોઇના નામ લેવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેશો.

* (લક્કી ડ્રોના દાતા આવકાર્ય છે વર્ષના રૂા. ૨૦૦૦/-)

લિ. તેશીયાણી મહિલા મંડળ. (J-87797){1-1}

### અનાથ આશ્રમ – કામણ

આશાપુરામાં ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-કામણ અમારી સંસ્થા અનાથ બાળકોને તથા વૃદ્ધ વડિલોની સેવા કરી રહી છે. સાથે જીવદયાનું પણ કાર્ય કરે છે. કુતરાને રોટલા, કબુતરને ચણ, કાગડાને ગાંઠિયા, બિલાડીને દૂધ આપે છે. કાયમી નામની સર્તે કેશરબેન વણવીર કોરશી ગડા-લાકડીયા-હાલે-ઘાટકોપર હસ્તે હસમુખભાઇ દિનેશભાઇ ગડા એમણે ૧૧,૦૦૦/- રૂપિયાનું અનુદાન આપેલ છે તથા જીવદયા માટે અનુદાન આપનાર દાતાશ્રીઓએ એક હજાર રૂપિયા આપેલ છે. (૧) સીમલ ગોરી શંકર-મિઠાઇવાલા-હસ્તે દિપકભાઇ પરેલવાળા, (૨) કિશોરભાઇ દેવજી ભાનુશાલી, (૩) સુશીલાબેન તેજચંદ દાવળા હસ્તે પ્રવિણભાઇ, (૪) મણીબેન આર. બલા હસ્તે સુરેશભાઇ, (૫) કુંદનબેન જીવરાજભાઇ, (૬) માસ્ટર અમીચંદ હસ્તે રામદેવપીરના ભગત કમળાબેન, (૭) મંજુલાબેન દેવજી ભદ્રા ભાનુશાલી, (૮) ભુમિ દિપક ભદ્રા હસ્તે ઓધવરામ બાપા, (૯) ભરતભાઇ ઉનલ હસ્તે ચુનાભટ્ટી, (૧૦) લોહાણા બંધુ મંડળ-જલારામ મંદિર ભટવાડી હસ્તે ઓધારામ, બાલરામ, રણછોડ દાસ, જોટે જલારામ બાપા, હરીરામ બાપા, દુલાભગત, ભોજારામ બાપા, જલારામ બાપાના ગુરૂદેવ, (૧૧) હરબાઇ ધરમશીભાઇ ભાનુશાલી, (૧૨) ધ્રુવિલભાઇ પટેલ તથા કુકરના દાતા સ્વ. કાંતાબેન દયાલજી હરિયાણી નવિનભાઇ આશા ભટવાડી લોટના. દરેક દાતાશ્રીઓની અમારી સંસ્થા ભુરી-ભુરી અનુમોદના કરે છે. લિ. ટ્રસ્ટી-9594784098. (M-15081){1-2}

### ૧૮મી રક્તદાન શિબિર ઘાટકોપર

### તા. ૦૭-૦૮-૨૦૧૬, રવિવારઃ માનવ શરીરમાં વહેતું લોહી એટલે જ અંત વગરની અંતાક્ષરી

રક્તદાન ક્ષેત્રે અને મેડીકલ ક્ષેત્રે સતત કાર્યશીલ શ્રી ઘાટકોપર વાગડ વિશા ઓસવાળ સમાજ મેડિકલ કમિટી આયોજિત અને ઉદારદિલ દાતાશ્રી અ.સૌ. પ્રેમિલાબેન દામજી કોરશી ગડા અને અ.સૌ. રશ્મિબેન હિતેશ દામજી ગડા પરિવાર (ઘાટકોપર)ના સૌજન્યથી સમર્પણ બ્લડ બેંક અને અનવિકસા બ્લડ બેંકના સથવારે તા. ૦૭-૦૮-૨૦૧૬,રવિવારે સવારે ૮.૩૦ થી સાંજે ૫.૦૦ સુધી રક્તદાન શિબિરનું પરમ કેશવબાગ A/C હોલ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) મધ્યે સુંદર આયોજન કરવામાં આવેલ છે. પરમ કૃપાળુ પરમાત્માએ માનવ શરીરમાં લોહીને સતત વહેતું રાખ્યું છે અને એક માનવી જ બીજા માનવીને કામ આવે એવી અદ્દભુત વ્યવસ્થા પણ કરી રાખી છે અને આ માટે રક્તદાન રૂપી ખૂબ જ મહત્વની એવી સાંકળ બાંધી આપી છે.

* કોઇક તદ્દન જ અજાણ્યા માનવીની ખૂબ જ કટોકટીભરી ક્ષણે કોઇક અજાણ્યા જ રક્તદાતાએ કરેલ અતિ મૂલ્યવાન રક્તદાન થકી પ્રભુની અણમોલ રચના જેવો એ માનવી નવજીવન પામે છે અને તે પરિણામે અંત વગરની અંતાક્ષરી ચાલતી જ રહે છે.

* રક્તદાન એ તો જીવન છે અને માટે જ એને સતત વહેતું રાખવું જોઇએ.

* રક્તદાન કરવાનો + રક્તદાન કરવા અન્યોને પ્રેરણા આપવાનો+રક્તદાનની અનુમોદના કરવાનો દ્રઢ સંકલ્પ આજે જ કરો.

* રવિવાર, તા. ૦૭-૦૮-૨૦૧૬ના આપણા પરિવાર + સગા સબંધી + મિત્રો + શુભેચ્છકો + અડોશ પડોશીઓ + ગામાઇઓએ સાથે મળી કરીએ અને કરાવડાવીએ. આપની ૩૦ મિનિટ કોઇકના લાડકવાયાને નવજીવન બક્ષી શકે છે. લિ.: શ્રી ઘાટકોપર વાગડ વિશા ઓસવાળ સમાજ મેડિકલ કમિટી. પત્રિકા સૌજન્ય : માતુશ્રી માનુબેન વેલજી મેપશી છેડા પરિવાર (લાકડીયા-ઘાટકોપર). ટ્રસ્ટ મી ફર્નિચર, વિક્રોલી બસ ડેપોની બાજુમાં, R. City મોલની બાજુમાં, L.B.S. માર્ગ, વિક્રોલી (વેસ્ટ). ફોન નં.: 25171010, 25171111, રમણીક છેડાઃ 9820094723. (J-87717){1-3}

### શ્રી સુરભી ચર્નીરોડ સખી વૃંદ

સુરભી સખીઓ, વર્ષારાણીની સવારી અને ધાર્મિક અનુષ્ઠાનોનો રાજા ચાતુર્માસના આગમનને વધાવવા, શ્રાવણમાસ અને ઓગસ્ટ મહિનાના રંગબેરંગી તહેવારોમાં ચાલો, આપણે સહુથી પ્રિય પ્રિયજનની માટે હસ્તકલા દ્વારા કંઇક બનાવીએ અને અનેરો અદ્દભુત આનંદ મેળવીએ, કરની કરામતના કલાકાર કસબી એવા માનનીય શ્રીમતી સોનાલી ઝવેરી આપણને Live Demo આપશે તેમની જ દેખરેખ હેઠળ આપણે બનાવશું ઉત્તમ ઉપહાર, સખીઓ સૌ તૈયાર છોને, તા. ૯-૮-૧૬ સમયઃ ૩.૦૦ વાગે, સ્થળઃ અણુવ્રત હોલ, ૮૮, રાજહંસ જી રોડ, મરીન ડ્રાઇવ (મરીન લાઇન્સ વેસ્ટ) સ્ટેશનથી બે મિનિટના અંતરે. ખાસ સૂચનાઃ પેન અને I કાર્ડ લાવવા. લિ. કમિટી. (J-87816){1-4}

### શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુર્લા

### ઘર ઘર ગુંજે શ્રી નવકાર એ જ અમારો છે નિર્ધાર

શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. ઉજ્જવલકુમારી મહાસતીજીના સુશિષ્યા વર્તમાન પ્રવર્તિની પ.પૂ. અનિલાબાઇ મહાસતીજીના સુશિષ્યા, પ.પૂ. નિલમશ્રી મહાસતીજી આદિ ઠાણા-૩ ચાતુર્માસ અર્થે સુખશાતામાં બિરાજે છે. તા. ૩-૮-૨૦૧૬, બુધવાર, શ્રાવણ સુદ-એકમના શ્રી નવકાર મંત્રના સમૂહ જાપ સવારના ૭ થી ૮ ઉપાશ્રયમાં રાખવામાં આવેલ છે. સકળ સંઘના દરેક ભાઇઓ તથા બહેનોને વધુમાં વધુમાં સંખ્યામાં લાભ લેવા વિનંતી. લક્કી ડ્રો ઇનામી યોજના રાખવામાં આવેલ છે. ત્યારબાદ નવકારશીનો લાભ શ્રીમતી વાલીબેન હરખચંદ ગુણશી ગડા લીધેલ છે. લિ. મા. મંત્રીઓ. (J-87829){1-5}

### શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ-કુર્લા

### મહિલા પાંખ દ્વારા ખાતા પીતા વજન ઘટાડો ડાયટ સેમિનાર

આજની આપણી તનાવભરી શૈલીમાં ખાવા પીવાની બાબતમાં આપણે જાગૃત ન રહેતા દિવસે દિવસે વજન વધવું, શારીરિક તેમજ માનસિક તકલીફો વધતી જાય છે. જેના માટે ઉપરોક્ત સંસ્થાની ''મહિલા પાંખ દ્વારા'' ''ભુખ્યા રહેવા વગર વધતા વજનથી મુક્ત થાઓ'' સેમિનારનું આયોજક કરવામાં આવેલ છે. આ સેમિનારમાં ડાયટીશીયન ઉષ્મા છેડા-વિસ્તૃત જાણકારી આપશે. સાથે ક્યા સમયે, કેવું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું વગેરેની રેસીપીઓ પણ આપશે. આ સેમિનારમાં સમગ્ર મુંબઇના કચ્છ-વાગડના ભાઇઓ-બહેનો તથા યુવક યુવતિઓને આવવા આમંત્રણ છે. આ સેમિનારમાં આવવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન હોલ ઉપર આવી અથવા ટેલિફોન ઉપર ફોન કરી. ટોકન નંબર લઇ લેવા ફોન નં.: ૨૬૫૪૯૭૨૦, ટાઇમઃ સવારના ૯ થી ૫ વાગ્યા સુધી. તા. ૪-૮-૨૦૧૬ સુધી જ રજીસ્ટ્રેશન કરાવવામાં આવશે. રજીસ્ટ્રેશન વગર એન્ટ્રી આપવામાં આવશે નહી. નિયમનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે. સ્થળ : શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ-કુર્લા હોલ (કુર્લા મહાજનવાડી), કુર્લા-વેસ્ટ. તારીખઃ ૬-૮-૨૦૧૬, શનિવાર, ટાઇમઃ ૨.૩૦ વાગેથી. એ જ લિ. કુરલા મહિલા પાંખ કન્વીનરો તથા કમિટી મેમ્બરો. (J-87829){1-6}

### Parenting Workshop

શું તમારા બાળકો તમારી વાત નથી માનતા ? તમે એમના જિદ્દી સ્વભાવ, ગેરવ્યાજબી માગણીઓ, સાચા જવાબો, નબળા શૈક્ષણિક Performance થી ત્રસ્ત છો ? શું તમારા બાળકો T.V., Mobile, Games પાછળ Time Waste કરે છે ? તમારા બધાજ Parenting related problemsના Practical Solutions માટે વિદ્યાનિધી એજ્યુકેશન સોસાયટી દ્વારા ચલાવતા Parenting Workshop 'How to make your children listen to you' જોઇન્ટ કરો ઑગસ્ટથી નવા વર્કશોપ શરૂ. બોરીવલી સ્ટેશન (વેસ્ટ). 28945954/5538. www.parentingworkshops.in (M-15078){1-7}

## ધંધાદારી

### હંસા ગાલા ફેસ્ટીવલ સ્પેશીયલ કુકીંગ શીખો અવનવી વેરાયટીઓ

તા. ૪ ઓગસ્ટ, બપોરે ૧ થી૫ કલાકે, સેંડવીચ, સબવે અને ડીપ્સમાં ક્રન્ચી ચીઝી બ્રુશેટા, ચીલી કોરીયન્ડર સબવે, ચટપટા મસ્ટર સબવે, એક્ઝોટીક પીટા બ્રેડ સેંડવીચ, જેલેપીનો પનીર પીટા સેંડવીચ, ફલાફલ, બારબેક્યુ વેજ પનીર ગ્રીલ સેંડવીચ, ચોકોકોકો જેલી સેંડવીચ, ચટપટા મેયો ડીપ્સ, કોર્ન ચીઝી ડીપ્સ, ચીલી મેયો ટેમેટો ડીપ્સ વગેરે. તા. ૬ ઓગસ્ટ, શીખો કપકેક મફીન્સ, ફોન્ડ્યુ, ટાર્ટસમાં રેડ વેલ્વેટ ચીઝ કેક, નટેલા કપ કેક, બનાના મફીન્સ, ચોકો ચીપ્સ મફીન્સ, ચોકલેટ ફોન્ડ્યુ, આલ્મંડ વાઇટ ચોકલેટ ફોન્ડ્યુ, ટ્રીપલ ચોકલેટ મુસ, કેરેમલ પનીર કોકો ક્રીમ ટાર્ટસ, ફજ ક્રીમી ટાર્ટસ વગેરે વિવિધ વેરાયટીઓ (સરપ્રાઇઝ આઇટમ તો ખરી જ). તા. ૮ ઓગસ્ટ-સીઝલર્સ, તા. ૧૦ ઓગસ્ટ-હોટલ પંજાબી. રજીસ્ટ્રેશન તથા વધુ વિગત માટે સંપર્કઃ હંસા ગાલાઃ ૯૦૨૨૧૮૮૧૮૨, ૮૦૮૨૬૬૬૯૪૯.

(T-87459){1-8}

## જીવદયા

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) આભાર માને છે

૫૪,૦૦૦/- ગામ-નૂતન ત્રંબૌના હાલ-થાણા નિવાસી શાહ જયંતિલાલ બેચરભાઇના પૌત્ર ચિ. યુવરાજના મુંડન સંસ્કાર નિમિત્તે (કુંપન યોજનામાં). ૫૪,૦૦૦/- ગામ-નૂતન ત્રંબૌ હાલ-દાદર નિવાસી ગાલા પ્રવિણભાઇ કરમણના દોહિત્ર ચિ. યુવરાજના મુંડન સંસ્કાર નિમિત્તે (કુપન યોજનામાં). બંને ઉદારદિલ વેવાઇ પરિવારોને ૫૧૪૫ લાચાર, નિરાધાર, દુઃખી અને અબોલ પશુઓવતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. વાગડ ઓસવાળ સમાજના ભાગ્યશાળી ભાઇ-બહેનો કાંઇક પણ નિમિત્ત બનાવીને જીવદયા માટે હંમેશા તૈયાર હોય છે. પ્રસંગ બાલમોવારાનો અને દાન મુંગા પશુઓ માટે. ખૂબ જ આવકાર દાયક પ્રસંગને અનુરૂપ પૌત્ર-દોહિત્ર માટે આશિર્વાદ મેળવવાનો શુભ અવસર સાચા અર્થમાં ઉજવી જાણ્યો. બંને પરિવારને હાર્દિક અભિનંદન. આપનું દાન સૌને પ્રેરણારૂપ છે. અનુમોદના સહ આભાર. સૌને અબોલ જીવો માટે યથાશક્તિ મદદ મોકલવા વિનંતી. મુંબઇમાં સંપર્કઃ અમૃતભાઇ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮. લિ. મંત્રી. (J-87763){1-9}



# શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઈના

ચેરમેન ટ્રસ્ટી ★ માજી પ્રમુખ

## શ્રી દામજી વિજપાર ગુણશી સાવલા

(સુવઈ-દાદર) ના

ગુણ ગૌરવને વધાવવાના અવસર નિમિત્તે

સર્વે જ્ઞાતિજનોને પધારવા

## નેહનિતરતું નિમંત્રણ

# સફર એક સેવકની

શ્રી વાગડ કલા કેન્દ્રને સફળતાના શિખરે પહોંચાડનાર "શ્રી દામજીભાઈ સાવલા"નો સંસ્થા સાથે ઘણા વર્ષોથી અતૂટ નાતો રહ્યો છે. જેમાં ૧૮ વર્ષ સુધી સતત પ્રમુખપદે રહ્યાં એ દરમ્યાનની એક અનેરી યશોગાથા રચાણી એવા સમયપાલનના આગ્રહી 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' માનનાર કર્મવીર શ્રી દામજીભાઈ સાવલાનો અભિવાદન સમારોહ...

**ગુણ ગાવાથી ગુણ પ્રગટે દોષનું દર્શન દૂર થાય,**
**દિવામાંથી દિવો પ્રગટે દિપમાળની હાર સર્જાય...**

એવા ગુણિયલ શ્રી દામજીભાઈ સાવલાની યશોગાથા ગાવાનો, સાંભળવાનો, અનુમોદના કરવાનો અને એમની જીવનગાથામાંથી કંઈક પ્રાપ્ત કરવાનો એક અનેરો અવસર. સર્વે જ્ઞાતિજનો-આજીવન સભ્યો સંસ્થાના સખીદિલ દાતાઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા, સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ ... આપતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

તા.૭-૮-૨૦૧૬ રવિવાર ★ સમય : સવારે ૯.૩૦ કલાકે

સ્થળ : યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૧૪.

**સમારોહ બાદ જમવાની વ્યવસ્થા રાખેલ છે.**

: સંચાલન :

**મુકેશ જોષી**

: વિશેષ આકર્ષણ :

તારક મહેતા ફેમ **દિલીપ જોષી** ઉર્ફે જેઠાલાલ દ્વારા એક અનેરી રજૂઆત

: વક્તા :

**શીલા ભટ્ટ**

(સમગ્ર મિડિયા પર છવાયેલ એક્સપ્રેસ ગ્રુપના પ્રખર ગુજરાતી મહિલા પત્રકાર)

## લિ. શ્રી વાગડ કલા કેન્દ્ર


ટ્રસ્ટબોર્ડ ✽ અધિકારી બોર્ડ

| | | | |
|---|---|---|---|
| જગશી વેરશી દેઢિયા | પ્રમુખ-ટ્રસ્ટી | નવિન કેશવજી નિસર-C.A. | ખજાનચી |
| ડૉ.કાંતિલાલ કલ્યાણજી સાવલા | ઉપપ્રમુખ-ટ્રસ્ટી | મયુર રતનશી દેઢિયા | સહ ખજાનચી |
| મણીલાલ જુઠાલાલ કારીયા | ઉપપ્રમુખ | વિનય વીરજી નંદુ | ટ્રસ્ટી |
| જિતેન્દ્ર દેવશી ખીરાણી | માનદ્‌મંત્રી-ટ્રસ્ટી | દામજી ભોજરાજ બુરીચા | ટ્રસ્ટી |
| મનોજ મણીલાલ ફુરીયા | માનદ્ મંત્રી | રમેશ વીરજી ફુરીયા | ટ્રસ્ટી |
| હેમચંદ ખેતશી ગડા | માનદ્ મંત્રી | ડૉ.જયંતિલાલ રતનશી સત્રા | ટ્રસ્ટી |

પ્રવિણ બચુભાઈ શાહ-ટ્રસ્ટી

કારોબારી સભ્યો

| | |
|---|---|
| હરેશ નાનજી ગાલા | દામજી પ્રેમજી ગડા |
| નવિન રાયશી વિસરીયા | જયેશ દામજી ફુરીયા |
| કાંતિલાલ રતનશી બુરીચા | રમેશ વિજપાર નિસર |
| દિપેશ મોતીલાલ ગડા | દિલીપ શીવજી નંદુ |
| યોગેશ પોપટલાલ ગડા | જતીન રવજી સત્રા |

આરસ જયંતિલાલ શાહ

(M-15096)

આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ... આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ... આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ...

॥ વાસવવંદિત શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ॥ ॥ શ્રી ગૌતમ સ્વામિને નમઃ ॥ ॥ શ્રી માણિભદ્રાય નમઃ ॥ ॥ શ્રી કલાપૂર્ણોસ્તુ મંગલમઃ ॥

# કચ્છ દેશે... વાગડ પ્રદેશે... આધોઈ નગરે...

**સૂરિમંત્ર પંચ પ્રસ્થાનમાં તૃતીયપીઠની અધિષ્ઠાયિકામાં ભગવતી શ્રી મહાલક્ષ્મીજીની પીઠિકાની સાધનાના રૂડા અવસરે સમસ્ત વાગડવાસીઓને પધારવા**



# ભાવભર્યું આમંત્રણ



સમસ્ત વાગડવાસીઓને જણાવતા અનહદ આનંદ અનુભવાય છે, અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન સૂરિમંત્ર આરાધક પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ–સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ અમારા શ્રી સંઘના ભાગ્યે સાંપડ્યું છે. વિશેષ આનંદની વાત એ છે, ચાતુર્માસ અન્તગર્ત પૂ. આચાર્ય ભગવંતશ્રી આધોઇની ધન્ય ધરા પર સૂરિમંત્રના તૃતીય પીઠિકા શ્રી મહાલક્ષ્મીજીની આરાધના કરવા જઇ રહ્યા છે... આ અમારા શ્રી સંઘનું સૌભાગ્ય છે. વિશિષ્ટ કોટીની સૂરિમંત્રની આરાધના દ્વારા અમારા શ્રી સંઘ ધન્ય તો બનશે પણ... સમસ્ત વાગડ પ્રદેશ ધન્ય બનશે... એથી જ અમારો આધોઇ શ્રી સંઘ સમસ્ત વાગડવાસીઓને અને ગુરૂભક્તોને આમંત્રણ પાઠવે છે. આપ સૌ સૂરિમંત્રની પીઠિકાની સાધનાના અવસરે પધારી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીના આશિર્વાદ લઇને જીવમાં રહેલા આધિ–વ્યાધિ–ઉપાધિથી મુક્ત થાઓ–અને શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશો...

**સૂરિમંત્રની સાધના દરમ્યાન પૂ. આચાર્ય ભગવંતશ્રીની દિનચર્યા * રોજ ૯ કલાકે સ્થિરાસને સૂરિમંત્રનો જાપ * ૨૫ દિવસ દરમ્યાન ઉપવાસ-આયંબિલ-લુખીનિવિ તપ હોય * ૨૫ દિવસ દરમ્યાન સંપૂર્ણ મૌન * ૨૫ દિવસ દરમ્યાન સંપૂર્ણ ગુપ્તાવાસ, જે સ્થળ પર સૂરિમંત્રની પીઠીકાની રચના કરવામાં આવે છે ત્યાં ભવ્ય માહોલ સર્જવામાં આવે છે. જેમાં સ્ફટીક-મરગજ-માણેક-જવારમોરા-તારા મંડન જેવા વિવિધ રત્નોની પ્રતિમાના દર્શન એકવાર સૂરિમંત્રની પીઠીકાના અવસરે પધારી જીવનને ધન્ય બનાવો...**

**પૂજ્યશ્રીનો પીઠીકામાં પ્રવેશ**
આસો સુદ–૬,
તા. ૦૨–૧૦–૨૦૧૬
શુક્રવાર
પ્રાતઃ ૫.૦૦ વાગે

**પૂજ્યશ્રીની પીઠીકાની પૂર્ણાહૂતિ**
કારતક સુદ–૧,
તા. ૩૧–૧૦–૨૦૧૬
સોમવાર પ્રાતઃ ૬.૦૦ વાગે
હવન પ્રારંભ

**પીઠીકાની સાધના નિમિત્તમાં શ્રી મહાલક્ષ્મીજી પૂજન**
કારતક સુદ–૩,
તા. ૨–૧૧–૨૦૧૬
બુધવાર સવારે
૯.૦૦ વાગે પ્રારંભ

પીઠીકાના સંપૂર્ણ લાભાર્થી :

## માતુશ્રી કેસરબેન માલશીભાઇ ચરલા

પુત્ર–પુત્રવધૂ : શ્રીમતી હંસાબેન પપિનભાઇ ચરલા

પૌત્ર–પૌત્રવધુ : સન્ની-ભાવિની * હિતેષ-હાર્દી * અમિત-પ્રિયંકા

પ્રપૌત્રી : રાયના, સમાયરા * પ્રપૌત્ર : હિતાંશ, અગસ્ત્ય

(J-87831)

**લિ. શ્રી આધોઇ વિશા ઓસવાળ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ ટ્રસ્ટીગણના પ્રણામ**

આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ... આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ... આધોઈ નગરે... પધારો ... પધારો ... પધારો ... પધારો ...



# શ્રી જીવદયા મંડળ ભચાઉ

## (બોકડાખાતુ)



## દાતાઓનો આભાર

# અનુમોદના...આભાર...અનુમોદના...

**શ્રી ભચાઉ જીવદયા મંડળ** સંચાલિત

**શ્રી કનકસુરી અહિંસાધામના મુખ્ય પ્રવેશદ્વારના મુખ્ય દાતાશ્રી સેજા ભંડાર દાદા (ખારોઈ)**
**માતુશ્રી ગંગાબેન કરમશી નાનજીભાઈ પટણી પરિવાર (કર્મગંગા પ્રતિષ્ઠાન)**
**તરફથી માતબર રકમનું દાન મળેલ છે.**

સંસ્થાના ટ્રસ્ટીઓ આપને ખાતરી આપીએ છીએ કે, આપે આપેલા દાનની પાઈપાઈનો સદઉપયોગ કરશું.

**ગામ ખારોઈના જીવદયાપ્રેમી દાનેશ્વરી સમાજપ્રેમી માતુશ્રી ગંગાબેન કરમશી નાનજીભાઈ પટણી પરિવાર તરફથી (કર્મગંગા પ્રતિષ્ઠાન) શ્રી કનકસુરી અહિંસાધામના મુખ્ય પ્રવેશદ્વારનું** માતબર રકમનું દાન મળેલ છે તે બદલ દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના.
સંસ્થામાં આશ્રીત અબોલા મુંગા જીવો દાતા પરિવારને ખોબલે-ખોબલે આશીર્વાદ પાઠવે છે.

સંસ્થા આવા ઉદારદિલ જીવદયાપ્રેમી દાતા પરિવારની જીવદયા પ્રત્યેની ભાવનાની ભૂરી-ભૂરી અનુમોદના કરે છે, પરમ કૃપાળુ પરમાત્મા દાતા પરિવારની હર હંમેશા ચડતી રાખે દાતા પરિવારનું નિરોગી તથા તંદુરસ્તીભર્યું જીવન વ્યતીત કરે અને તેમના તરફથી આનાથી પણ વધારે જીવદયાના કાર્યો હરહંમેશાં થતા રહે તેવી અંતરની શુભકામના મંગલ આશિષ.

**શ્રી જીવદયા મંડળ ભચાઉ** સંચાલિત **શ્રી કનકસુરીઅહિંસાધામ** નાના જીવોની અદ્યતન પાંજરાપોળ બની રહી છે, ઘણું બધું કામ પૂર્ણ થયું છે. કરુણા જીવદયા જૈન ધર્મની માતા છે આ તીર્થના નિર્માણમાં આપ પણ તકતી મુકાવી સહયોગ આપી શકો છો.

દાનના નકરા માટે સંપર્ક :
**ટ્રસ્ટી શ્રી બાબુલાલ કાનજી વોરા મો.: ૯૩૨૪૦ ૪૮૨૨૩**
સ્થાનિક પાંજરાપોળની વિઝિટ માટે સંપર્ક
**ટ્રસ્ટી શ્રી હિંમતલાલ જેઠાલાલ મહેતા** -: ભચાઉ મો.: ૦૯૮૭૯૯ ૮૯૦૨૪
મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી ધીરજલાલ અનોપચંદ મહેતા - મુંબઈ. મો.: ૯૮૨૧૬ ૧૦૪૧૮
ટ્રસ્ટી : શ્રી ભરત એડી. મહેતા-ભુજ. મો.: ૦૯૮૨૫૨ ૨૫૪૧૬
ટ્રસ્ટી : શ્રી રોહીત ધરમશી કુબડીયા. મો.: ૯૮૨૦૬ ૩૨૧૧૫
શ્રી જયેશકુમાર પ્રાગજીભાઈ કોરડીયા-અમદાવાદ. મો.: ૦૯૮૨૪૦ ૩૧૬૫૦

**લિ. ટ્રસ્ટી મંડળ**

(D-88016)

# શ્રી કચ્છ-વાગડ લાકડીયા પાંજરાપોળ

(Trust Regd. No. E-48) (KUTCH)

કાર્યાલય : ગાળા નંબર–૩૧૦, કોસમોસ પ્લેટીનમ, ગોખલે રોડ નોર્થ, આશિષ ઈન્ડ. એસ્ટે. દાદર–વેસ્ટ, મુંબઈ–૨૮.
ટેલિ.નં.: ૨૪૩૬ ૧૭૦૦ / ૨૪૩૬ ૧૮૦૦

## દાતાશ્રીની હાર્દિક અનુમોદના સહ દિવંગત આત્માને પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રધ્ધાંજલિ

''જેને હૈયે ધર્મભાવ,
જેનો પરોપકારી સ્વભાવ,
ડગલે ને પગલે જેણે કર્યા સત્કાર્ય,
ધન્ય એમનું જીવન,
શુધ્ધ એમનું આચરણ
સુખદાયી એમનું સ્મરણ''



## સ્વ. અ.સૌ. નાનુબેન દેવશી દેવરાજ ગડા (ગેલાણી)

**ગામ-લાકડીયા * હાલે-માટુંગા**

*** જન્મ તારીખ : ૨૨–૦૪–૧૯૫૫**
*** પરલોકાગમન : તા. ૧–૦૮–૨૦૧૪**

હાથે તે સાથે અને પાંચ આગળીના પૂણ્યમાં માનતા શ્રી વાગડ વિશા ઓસવાળ સમાજના પરિવારોમાં જીવદયા માટે જે દાન ભાવના છે તેનો ક્યાંય જોટો મળે તેમ નથી.

વાગડ સમાજમાં અજવાળાના ઓજસ સમા અને અબોલ મુંગા જીવો પ્રત્યે કરૂણાભાવ રાખનારા... સંકલ્પ, સાથ–સહકાર, સદ્‌ભાવના, સત્કાર્યોની વિચારસરણીથી સમાજિક ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવનારા... ગામ લાકડીયાના માતુશ્રી રખુબેન દેવરાજ ગડા–ગેલાણી પરિવારના સુપુત્ર શ્રીમાન દેવશીભાઈ દેવરાજ ગડાએ **શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ**ને તેમના ધર્મપત્ની **સ્વ. નાનુબેન દેવશી દેવરાજ ગડાની પુણ્યતિથિ નિમિત્તે** અબોલ, નિરાધાર, મુંગા જીવોની સેવા હેતુ ''ભુખ્યાને ભોજન એ સૌથી મોટી પૂજા, તેમાં અબોલ જીવો પ્રત્યે કરૂણાભાવ તે મહાન પુણ્ય ઉપાર્જનની તક'' એ સૂત્રને સમજીને ખરેખરો જીવદયા ધર્મ બજાવીને સંસ્થાને એક દિવસનું નિરણ અનુદાન આપ્યું છે.

સંસ્થા આવા ધર્મ પ્રેમી, જીવદયાપ્રેમી, કરૂણાસભર દરિયાદીલ પરિવારની ભુરી ભુરી અનુમોદના કરી હાર્દિક આભાર માને છે અને સાથે સાથે સૌજન્યતાસભર જીંદગી જીવનાર સ્વર્ગસ્થ નાનુબેનના નિર્મળ આત્મા પ્રત્યે નત્ મસ્તકે શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

**લિ. શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ-ટ્રસ્ટીશ્રીઓ**

(J-87835)

SVGA RATAN RICH LADY NAVJIVAN TIMEX SVGA RATAN RICH LADY NAVJIVAN TIMEX SVGA RATAN RICH LADY NAVJIVAN TIMEX SVGA RATAN RICH LADY NAVJIVAN TIMEX

# શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

એ-૦૦૧, ગુલમોહર સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર, પી. એલ. કાલે ગુરૂજી માર્ગ, દાદર-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૮.
Ph. : 24327842 Mob. : 7498818418 E-mail : svgaindia@gmail.com Website : www.svgaindia.org

શ્રીમતી રતનબેન વિનોદ કાનજી ગડા (લાકડીયા) RATAN® PLASTICWARE
ઉચ્ચ માધ્યમિક શૈક્ષણિક સહાય યોજના (ધોરણ ૮ થી ૧૦)

શ્રીમતી પ્રભાબેન પ્રવિણ કરમણ ગાલા (નુતન ત્રંબૌ) RICH LADY
માધ્યમિક શૈક્ષણિક સહાય યોજના (ધોરણ ૫ થી ૭)

માતુશ્રી મણીબેન રમણીકલાલ ધનજી છાડવા (સામખિયારી) NAVJIVAN NATURE CURE CENTRE
પ્રાથમિક શૈક્ષણિક સહાય યોજના (ધોરણ ૧ થી ૪)

માતુશ્રી મોંઘીબેન સામત સાંગણ ગાલા (ભચાઉ) TIMEX GROUP
પૂર્વ પ્રાથમિક શૈક્ષણિક સહાય યોજના (નર્સરી થી સીનીયર કે. જી.)

## SVGA સંચાલિત ત્રિવાર્ષિક શૈક્ષણિક સહાય યોજના (૨૦૧૬–૨૦૧૯) વર્ષ ૨૦૧૬ નો વાર્ષિક અહેવાલ

શૈક્ષણિક સહાય યોજના -૨૦૧૬ હેઠળ SVGA દ્વારા વાગડના ૭૩૩ વિદ્યાર્થીઓને દરેકને રૂા.૧૨,૦૦૦/- પ્રમાણે કુલ રૂા. ૮૭,૯૧,૦૦૦/- ની માતબર રકમની શિષ્યવૃત્તિ આપવામાં સફળ રહ્યું હતું. આપ સૌને ધ્યાનમાં હશે કે SVGA આટલી મોટી જવાબદારી આ યોજનામાં મુખ્ય દાતાઓ, દરેક ગામના મહાજન અને મંડળ, આધરસ્તંભ દાતાઓ તેમજ વ્યક્તિગત દાતાઓના સહયોગ અને વિશ્વાસ થકી સંપાદન કરી શક્યું છે. અને તે માટે આપ સહુનો અત્રેથી ફરી ફરીને આભાર વ્યક્ત કરે છે.

**આ વર્ષે આ યોજના સાથે જોડાયેલ ગામ મહાજન / મંડળ અને સ્વાવલંબી ગામ ના અનુદાન અને ગામવાર વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | ગામ | ગામ મહાજન / મંડળ અને સ્વાવલંબી ગામ | સંખ્યા | ગામ સહાય | સ્વાવલંબી ગામ સહાય | SVGA સહાય | કુલ સહાય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આધોઇ | શ્રી આધોઇ વિશા ઓશવાળ મહાજન, મુંબઇ | ૧૦૪ | ૫,૨૦,૦૦૦ | - | ૭,૨૮,૦૦૦ | ૧૨,૪૮,૦૦૦ |
| ૨ | ભચાઉ | શ્રીયુત મિત્ર મંડળ (ભચાઉ) મુંબઇ | ૮૪ | ૪,૨૦,૦૦૦ | - | - | ૪,૨૦,૦૦૦ |
| | | માતુશ્રી હાંસઇબેન હોથીભાઇ વણવીર ગાલા પરિવાર | - | - | ૨,૯૪,૦૦૦ | - | ૨,૯૪,૦૦૦ |
| | | માતુશ્રી દિવાળીબેન મણશીભાઇ આસાભાઇ નિસર પરિવાર | - | - | ૨,૯૪,૦૦૦ | - | ૨,૯૪,૦૦૦ |
| ૩ | ભરૂડીયા | શ્રી ભરૂડીયા વિશા ઓશવાળ મહાજન | ૪૯ | ૨,૪૫,૦૦૦ | - | ૩,૪૩,૦૦૦ | ૫,૮૮,૦૦૦ |
| ૪ | ગાગોદર | શ્રી ગાગોદર યુવા મંચ | ૨૨ | ૧,૧૦,૦૦૦ | - | ૧,૫૪,૦૦૦ | ૨,૬૪,૦૦૦ |
| ૫ | ધાણીથર | શ્રી ધાણીથર શ્વેતામ્બર મૂર્તીપૂજક જૈન સંઘ | ૧૬ | ૮૦,૦૦૦ | - | - | ૮૦,૦૦૦ |
| | | માતુશ્રી દિવાળીબેન વેલજી અવચર ગાલા | - | - | ૧,૧૨,૦૦૦ | - | ૧,૧૨,૦૦૦ |
| ૬ | હલરા | શ્રી હલરા વિશા ઓશવાળ મહાજન, મુંબઇ | ૧૦ | ૫૦,૦૦૦ | - | - | ૫૦,૦૦૦ |
| | | શ્રી કુંવરજી રામજી લખમશી છેડા | - | - | ૭૦,૦૦૦ | - | ૭૦,૦૦૦ |
| ૭ | કકરવા | શ્રીયુત કકરવા વિશા ઓશવાળ મિત્ર મંડળ | ૯ | ૪૫,૦૦૦ | - | - | ૪૫,૦૦૦ |
| | | માતુશ્રી ચાંપુબેન વિરજી પચાણ કારીઆ | - | - | ૬૩,૦૦૦ | - | ૬૩,૦૦૦ |
| ૮ | ખારોઇ | શ્રી ખારોઇ વિશા ઓશવાળ મહાજન, મુંબઇ | ૧૯ | ૯૫,૦૦૦ | - | ૧,૩૩,૦૦૦ | ૨,૨૮,૦૦૦ |
| ૯ | લાકડીયા | શ્રી લાકડીયા યુવક મંડળ, મુંબઇ | ૧૨૯ | ૬,૪૫,૦૦૦ | - | ૯,૦૩,૦૦૦ | ૧૫,૪૮,૦૦૦ |
| ૧૦ | મનફરા | શ્રી મનફરા યુવક મંડળ, મુંબઇ | ૫૫ | ૨,૭૫,૦૦૦ | - | ૩,૮૫,૦૦૦ | ૬,૬૦,૦૦૦ |
| ૧૧ | નંદાસર | શ્રી નંદાસર વિશા ઓશવાળ મિત્ર મંડળ-મુંબઇ | ૧૨ | ૬૦,૦૦૦ | - | - | ૬૦,૦૦૦ |
| | | માતુશ્રી મીઠીબેન ભુરાલાલ રામજી ગાલા | - | - | ૮૪,૦૦૦ | - | ૮૪,૦૦૦ |
| ૧૨ | નુતન ત્રંબૌ | શ્રી નૂતન ત્રંબૌ વિશા ઓશવાળ મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ | ૩૦ | ૧,૫૦,૦૦૦ | - | - | ૧,૫૦,૦૦૦ |
| | | શ્રી પ્રેમજી અરજણ દેવરાજ બોરીચા | - | - | ૨,૧૦,૦૦૦ | - | ૨,૧૦,૦૦૦ |
| ૧૩ | રવ | શ્રી રવ વિશા ઓશવાળ મિત્ર મંડળ, મુંબઇ | ૩૧ | ૧,૫૫,૦૦૦ | - | - | ૧,૫૫,૦૦૦ |
| | | માતુશ્રી દિવાળીબેન જુઠાલાલ ભારમલ કારીયા | - | - | ૧,૦૮,૫૦૦ | - | ૧,૦૮,૫૦૦ |
| | | શ્રીમતી ઉર્મીલાબેન વિસનજી લખમશી કારીયા | - | - | ૧,૦૮,૫૦૦ | - | ૧,૦૮,૫૦૦ |
| ૧૪ | સામખિયારી | શ્રી સામખીયારી વિશા ઓશવાળ મહાજન ટ્રસ્ટ, મુંબઇ | ૭૦ | ૩,૫૦,૦૦૦ | - | ૪,૯૦,૦૦૦ | ૮,૪૦,૦૦૦ |
| ૧૫ | શિવલખા | શ્રી શીવલખા વિશા ઓશવાળ મહાજન, મુંબઇ | ૨ | ૧૦,૦૦૦ | - | ૧૪,૦૦૦ | ૨૪,૦૦૦ |
| ૧૬ | સુવઇ | શ્રી સુવઇ વિશા ઓશવાળ જૈન મિત્ર મંડળ, મુંબઇ | ૪૯ | ૨,૪૫,૦૦૦ | - | - | ૨,૪૫,૦૦૦ |
| | | સુવઇ સોશ્યલ ગ્રુપ (દાતા : હંસરાજ રતનશી ખીમજી છેડા પરિવાર) | - | - | ૩,૪૩,૦૦૦ | - | ૩,૪૩,૦૦૦ |
| ૧૭ | થોરીયારી | શ્રી થોરીયારી વિશા ઓશવાળ મહાજન, મુંબઇ | ૧૩ | ૬૫,૦૦૦ | - | ૯૧,૦૦૦ | ૧,૫૬,૦૦૦ |
| ૧૮ | ત્રંબૌ | શ્રી ત્રંબૌ વિશા ઓશવાળ મિત્ર મંડળ, મુંબઇ | ૧૩ | ૬૫,૦૦૦ | - | - | ૬૫,૦૦૦ |
| | | માતુશ્રી કંકુબેન વેલજી ડાયાલાલ સતરા | - | - | ૯૧,૦૦૦ | - | ૯૧,૦૦૦ |
| ૧૯ | વણોઇ | શ્રી વણોઇ વિશા ઓશવાળ મિત્ર મંડળ, મુંબઇ | ૧૫ | ૭૫,૦૦૦ | - | ૧,૦૫,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| ૨૦ | અન્ય | SVGA | ૧ | - | - | ૭,૦૦૦ | ૭,૦૦૦ |
| | | | ૭૩૩ | ૩૬,૬૦,૦૦૦ | ૧૭,૭૮,૦૦૦ | ૩૩,૫૩,૦૦૦ | ૮૭,૯૧,૦૦૦ |
| | | | | | | કુલ વિશેષ સહાય : | રૂા. ૨૩,૭૩,૦૦૦ |
| | | | | | | | રૂા. ૧,૧૧,૬૪,૦૦૦ |

### * વિશેષ સહાય *

| વિશેષ સહાય | સંખ્યા | વિદ્યાર્થી દીઠ રકમ | કુલ સહાય |
|---|---|---|---|
| શારીરિક કે માનસિક વિકલાંગ વિદ્યાર્થીઓ, ત્યક્તા વિધવા કે વિધુરના બાળકોને : | ૧૦૧ | ૯,૦૦૦ | ૯,૦૯,૦૦૦ |
| ધોરણ ૮,૯,૧૦ ના તેજસ્વી વિદ્યાર્થીઓને | ૫૩ | ૧૫,૦૦૦ | ૭,૯૫,૦૦૦ |
| ધોરણ ૮,૯,૧૦ ના દરેક વિદ્યાર્થીઓને | ૨૨૩ | ૩૦૦૦ | ૬,૬૯,૦૦૦ |
| | | **કુલ વિશેષ સહાય** | **૨૩,૭૩,૦૦૦** |

**વર્ષ ૨૦૧૬ માં આવેલી અરજીઓ મુજબ ધોરણ પ્રમાણે, નુખ પ્રમાણે, નીચેની સંખ્યામા વિદ્યાર્થીઓને SVGA ની શૈક્ષણિક સહાય યોજનાનો લાભ મળેલ છે.**

### * ધોરણ પ્રમાણે *

| ધોરણ | સંખ્યા | ધોરણ | સંખ્યા | ધોરણ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| નર્સરી | ૨૨ | ધોરણ ૩ | ૬૧ | ધોરણ ૮ | ૫૯ |
| જુનીયર કે. જી. | ૩૭ | ધોરણ ૪ | ૬૫ | ધોરણ ૯ | ૯૦ |
| સીનીયર કે.જી. | ૩૭ | ધોરણ ૫ | ૪૭ | ધોરણ ૧૦ | ૭૪ |
| ધોરણ ૧ | ૫૧ | ધોરણ ૬ | ૬૫ | **ટોટલ** | **૭૩૩** |
| ધોરણ ૨ | ૫૮ | ધોરણ ૭ | ૬૭ | | |

### * નુખ પ્રમાણે *

| નુખ | સંખ્યા | નુખ | સંખ્યા | નુખ | સંખ્યા | નુખ | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| બૌવા | ૧૪ | ફરીયા | ૩૩ | નંદુ | ૪૬ | વિસરીયા | ૧૮ |
| બોરીચા | ૧૫ | ગડા | ૯૫ | નિસર | ૩૫ | વોરા | ૦૩ |
| ચરલા | ૧૨ | ગાલા | ૧૧૭ | રીટા | ૧૧ | અન્ય | ૦૬ |
| છાડવા | ૩૬ | ગીંદરા | ૦૯ | સત્રા | ૬૪ | **ટોટલ** | **૭૩૩** |
| છેડા | ૮૯ | કારીઆ | ૨૮ | સાવલા | ૧૯ | | |
| ડાઘા | ૧૯ | ખુથીયા | ૦૧ | શાહ | ૫૦ | | |
| દેઢીયા | ૦૬ | મોતા | ૦૬ | વઘાણ | ૦૧ | | |

**સ્વાવલંબી ગામ :** SVGA ની વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ની શૈક્ષણિક સહાય યોજનામાં ભચાઉ, ધાણીથર, હલરા, કકરવા, નંદાસર, નુતન ત્રંબૌ, રવ, સુવઇ, ત્રંબૌ, ગામના વ્યક્તીગત દાતા કે સંબંધીત સંસ્થા એ તે ગામના વિદ્યાર્થીઓને SVGA દ્વારા અપાતી બાકીની રકમ પોતેજ ભરી આપતા તે ગામો સ્વાવલંબી થયેલ છે.

### શૈક્ષણિક સહાય યોજના (વર્ષ : ૨૦૧૬- ૨૦૧૭) ના આધાર સ્તંભ દાતાશ્રીઓ

| રકમ | વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના આધારસ્તંભ દાતાશ્રીઓ | ગામ |
|---|---|---|
| ૨,૦૦,૦૦૦/- | માતુશ્રી જેતબાઇ મોણશી મેપશી બુરીચા | લાકડીયા |
| ૨,૦૦,૦૦૦/- | માતુશ્રી અમૃતબેન ખીમજી રાજા ગડા/ગેલાણી | સામખીયારી |
| ૨,૦૦,૦૦૦/- | અનુગ્રહ સ્ટોક બ્રોકીંગ પ્રા. લિ. | શિકરા |
| | હસ્તે પરેશ મુળજીભાઇ કારીયા | |
| ૨,૦૦,૦૦૦/- | શ્રીમતી સુશીલાબેન લખમશી જેઠાલાલ ગાલા | ત્રંબૌ |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી લક્ષ્મીબેન ખેરાજ ખેતશી છેડા | આધોઇ |
| | હસ્તે પુષ્પાબેન લખમશી ખેરાજ છેડા | |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી કેસરબેન જેઠાલાલ ભોજરાજ ગાલા | આધોઇ |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી જવેરબેન મણીલાલ રતનશી કારીઆ | ભચાઉ |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી નાથીબેન નરશી હિરજી ગડા | ધાણીથર |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી જમનાબેન માલશીભાઇ ભચુભાઇ દેઢીયા | કકરવા |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી લાખઇબેન જેઠાલાલ પેથા ગડા | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી કુંવરબેન ભારમલ ખેતશી નિસર | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી જવેરબેન શીવજી રણધીર ગડા | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી શાંતીલાલ વિરમ દેવશી રીટા | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી પાર્વતીબેન વેરશી મુરજી ફરીઆ | લાકડીયા |
| | હસ્તે વનીતાબેન કાંતિલાલ ફરીઆ | |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી દિવાળીબેન રામજી ડાહ્યાલાલ ગાલા | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી અમૃતબેન મેઘજી માલશી નિસર | લાકડીયા |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી નીતાબેન રમણીકભાઇ ભુરાલાલ ગાલા | નંદાસર |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી પ્રેમીલાબેન મણિલાલ ભુરાલાલ ગાલા | નંદાસર |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી ધનીબેન વેલજી કરમણ શાહ | નુતન ત્રંબૌ |
| | હસ્તે રમેશ વેલજી શાહ | |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી સોનાબેન મુળજી કારીયા | શિકરા |
| | હસ્તે અરવિંદ મુળજી કારીયા | |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી દામજી વિજપાર શિવજી સાવલા - થાણા | સુવઇ |
| ૧,૦૦,૦૦૦/- | માતુશ્રી માનુબેન રતનશી પ્રેમજી ગાલા | વણોઇ |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી વાગડ વીશા ઓસવાળ વેલ્ફેઅર ફાઉન્ડેશન ટ્રસ્ટ | મુંબઇ |

SMS ALERT : Register your Mobile No. by giving Missed Call on 022 - 62116592
& get latest updates of SVGA Activities through SMS
Follow us on: SVGAINDIA1994 | svgaindia

**લિ. શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA) ના પદાધિકારીઓ, કમિટી મેમ્બર્સ અને આદ્ય પ્રમુખશ્રીઓ**

(M-15095)

TIMEX NAVJIVAN RICH LADY RATAN SVGA TIMEX NAVJIVAN RICH LADY RATAN SVGA TIMEX NAVJIVAN RICH LADY RATAN SVGA TIMEX NAVJIVAN RICH LADY RATAN SVGA

"જીવદયા એજ પ્રભુ સેવા"

# શ્રી ભચાઉ પાંજરાપોળ

સ્થાપના : સં. ૨૦૧૦ ટ્રસ્ટ રજી. નં. ઈ-૫૩, ભુજ કચ્છ

# અનુમોદના...અભિનંદન...આભાર

જીવદયાપ્રેમી ધર્માનુરાગી દાતાશ્રી

## અ.સૌ. શ્રીમતી કલ્પનાબેન રમણીક કેશવજી છાડવા પરિવારે

**આપેલ માતબર અનુદાન બદલ સંસ્થા હાર્દિક આભાર માને છે**



અ.સૌ. શ્રીમતી કલ્પનાબેન રમણીક કેશવજી છાડવા ગામ : સામખીયારી



ચિ. સચીન અને ચિ. ઝીલ શ્રીમતી કલ્પનાબેન રમણીકભાઇ છાડવા અને કુમાર કૃપેશ



ચિ. સચીન+ ચિ. ઝીલ

ગામ સામખીયારીના **અ.સૌ.શ્રીમતી કલ્પનાબેન અને શ્રીમાન શ્રી રમણીકભાઇ કેશવજી છાડવાના** સુપુત્ર **ચિ. સચીનના** શુભ લગ્ન પ્રસંગે (ખોળાવિધિ)માં **શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થાને રૂા. ૧,૦૮,૦૦૦/- (એક લાખ આઠ હજાર)**ની રકમનું માતબર અનુદાન આપવા બદલ ધર્મપ્રિય ભાવનાસભર **દાતાશ્રી રમણીકભાઇ** અને તેમના પરિવારનો સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે.

**ચિ. સચીન અને ચિ. ઝીલ**નું દાંપત્યજીવન સુખમય, શાંતીમય અને મંગલમય બને, તેમનો સંસારરૂપી જીવનબાગ સુગંધમય બની રહે એવી અંતરની શુભેચ્છા.

માનનીય **શ્રી રમણીકભાઈ**એ જીવદયાની જ્યોત જલતી રાખવા **શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થાને** માતબર અનુદાન આપીને **૩૩૦૦ મુંગા પ્રાણીઓના** અંતર આશીષ મેળવી જીવનને ધન્ય બનાવ્યું છે.

વિતરાગ પ્રભુ આપને અને આપના પરિવારને સુખ, સમૃદ્ધિ અને તંદુરસ્તીસભર દિર્ઘાયુષ્ય બક્ષે, ધાર્મિક તેમજ સામાજીક ક્ષેત્રે આવા ઉત્કર્ષ કાર્યો કરવાની અગાધ શક્તિ આપે એવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા સહ આભાર.

**શ્રેષ્ઠ પુણ્યને પ્રાપ્ત કરવા અને કરૂણાના ભગીરથ કાર્યોમાં સહભાગી બનો એ જ અભ્યર્થના**

**: લિ. ટ્રસ્ટીઓ :**

(૧) શ્રી લખમશી કેશવજી વિસરીઆ
(૨) શ્રી લાલજી ખીરાભાઇ ખુથીયા
(૩) શ્રી બાબુભાઇ રતનશી ખુથીયા
(૪) શ્રી ડુંગરશી ગોપાલ નિસર
(૫) શ્રી ડી.ટી. નીશર
(૬) શ્રી દેવજી કરશન છેડા
(૭) શ્રી લક્ષ્મીચંદ દેવજી કારીઆ

(J-87809)

# ૩ ઓગસ્ટ ૨૦૧૬-વિશ્વ માનવ દિવસ

## સાંજે ૬:૪૫ થી ૧૦ વાગ્યા સુધી

**WHDC** Faculties



મયુર નંદુ · ઉર્વી ધનેશા · દ્રિપલ શાહ · સુજાતા મહેતા · ભુવન ધનેશા · એંજલ રાજગુરૂ · હર્ષદ પંડયા · અલ્પા સાવલા · ક્રિમી સંઘવી · યશ ગાલા · ધરા રાજપરા · ચાર્મી છેડા

- શ્રી લતેશ શાહનો જન્મદિવસ
- **WHDC** નો ૧૩મો સ્થાપના દિવસ
- વિશ્વ માનવ દિવસની ઉજવણી

<u>મુખ્ય આકર્ષણ:</u>

હિંદી નાટક

**“Show Must Go On”**

<u>મુખ્ય કલાકારો:</u>

સુજાતા મહેતા
લતેશ શાહ
એંજલ રાજગુરૂ
ઉર્વી ધનેશા
ભુવન ધનેશા
હર્ષદ પંડયા
અલ્પા સાવલા
આયુષ ગડા

**WHDC**



## શ્રી લતેશ શાહ

**World Human Development Center®**
World Transformation through Love, Peace, Knowledge, Celebration

<u>સ્થળ:</u>
વીર સાવરકર ઓડીટોરીયમ
શિવાજી પાર્કની સામે.
દાદર (વે).
૬:30 વાગ્યાથી પ્રવેશ શરૂ

- ફક્ત આમંત્રિત મહેમાનો માટે
- શુભેચ્છા પાઠવવા માટે સંપર્ક: info@wh-dc.com
- સંપર્ક: 8898008646 / 43 / 28
- Website: www.wh-dc.com

<u>આવનારા કાર્યક્રમો:</u>

SP2 - ૧૯ થી ૨૧ ઓગસ્ટ, વિલે પાર્લે.
M3S - ૧૯ થી ૨૧ ઓગસ્ટ, ખાર રોડ.
VSDS - ૧૨ થી ૧૫ ઓગસ્ટ, પનવેલ.
સપ્ટેમ્બરમાં SP2 સેમિનાર અમદાવાદ, સુરત, વડોદરા અને વાપીમાં થશે.

(J-87830)

## શ્રી કલ્યાણ મિત્ર યુવા પરિવાર ગોરેગામ
## પધારો પરમાત્માની ભક્તિ કરવા

ભગવાનની સ્તુતી કરતા કરતા આત્માને પરમાત્મામય બનાવવી છે. અરિહંતના ધ્યાને અરિહંત બની જશો, જિનની ભક્તિ કરતા કરતા જિન બની જશો.

શ્રી કલ્યાણ મિત્ર યુવા પરિવાર ગૌરેગામના યુવાનો દ્વારા મંગળવારે રાત્રે ૯.૩૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલય મધ્યે પરમાત્માની ભક્તિની રમઝટ બોલાવવામાં આવે છે. ગૌરેગામમાં રહેતા સર્વે પરમાત્મા ભક્તોને આ ભક્તિમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

ભાવના બાદ પ્રભાવનાના દાતા માતુશ્રી ભચીબેન કારાભાઈ અખા ગડા લાકડીયા પરિવાર.

શ્રી કલ્યાણ મિત્ર યુવા પરિવાર ગૌરેગામ

-:: પત્રિકા સૌજન્ય ::-

**માતુશ્રી ધનીબેન હેમરાજ હોથીભાઈ ગડા પરિવાર-મનફરા**

(M-15089)

## ત્રીજી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ.હરખુબેન મણીલાલ ભચુ ગાલા**

ગામ આધોઇ હાલે અંધેરી

અરીહંત શરણ - તા. ૨/૮/૨૦૧૩, મંગળવાર

તમારૂ રક્ત છે અમારા તનમાં,તમારી શીખ છે અમારા કર્ણમાં
તમારૂ વાત્સલ્ય છે અમારા વેણમાં, તમારી મુરત છે અમારા નેહમાં,
તમારી વિદાયથી આવી છે ઓટ મમતામાં,
તમારી ગૈરહાજરી વર્તાય છે દરેક પ્રસંગમાં
અમારી માતુશ્રીને ભાવ ભરી શ્રધ્ધાંજલી
એમના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના

લિ.દિકરી જમાઈ: ભારતીબેન રમણીક ગડા
: ચંદ્રીકાબેન વિનોદ રાંભિયા
સમસ્ત જગાણી પરિવાર (આધોઇ)

(M-15091)

Adv. by સંપૂર્ણ Graphics - 9820218030

## શ્રી વિશા ઓસવાળ મહાજન-ખારોઈ

## શ્રી દામજી વિજપાર સાવલા

(સુવઈ-દાદર)

## અભિવાદન સમારોહ

આપણા સમાજ માટે શ્રી દામજીભાઈ સાવલાએ આપેલ અનન્ય યોગદાનની ભાવભરી અનુમોદના કરવા, સમાજના સાચા સેવક **શ્રી દામજીભાઈ વિજપાર સાવલા**ના ગુણ ગૌરવના કાર્યક્રમનું આયોજન રવિવાર, **તા. ૦૭ ઓગસ્ટ-૨૦૧૬ સવારે ૯.૩૦ કલાકે** યોગી સભાગૃહ-દાદર મધ્યે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમનું આમંત્રણ આપણા મહાજનને આવેલ છે, તેનો સહર્ષ સ્વીકાર કરી આપણા અધિકારી વર્ગ, કારોબારી સભ્યો અને કો. ઓપ્ટ સભ્યો સમાજના અગ્રણી સમાજસેવકને સન્માનવાના આપણા કર્તવ્યને ધ્યાનમાં રાખી અવશ્ય પધારવા વિનંતી.

**લિ. મંત્રીઓ**

(M-15088)

## શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા

**રકતદાન...રકતદાન...રકતદાન...રકતદાન...**

**શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા હોલમાં રકતદાન શિબિર**

**કચ્છ યુવક સંઘ** દ્વારા આયોજીત **એન્કરવાલા-રકતદાન અભિયાન**

**સંચાલિત-શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા**

## ...રકતદાન-મહાદાન...

આપણા દ્વારા કરેલ રકતદાન ઘણા લોકોની જીંદગી બચાવે છે-આ વાતનો અહેસાસ આપણાને ત્યારે થાય છે-કે જ્યારે આપણા કુટુંબમાં કોઈક રકત માટે જીંદગી કે મોત વચ્ચે ઝઝુમતા હોય છે. રકતદાન કર્યા પછી ૪૮ (અડતાલીસ) કલાકમાં આપણા શરીરમાં એટલું જ રકત તૈયાર જાય છે. એટલે આપ સહુ સમાજના ભાઈઓ તથા બહેનોને અપીલ કરીએ છીએ કે, વધુમાં વધુ રકતદાન કરવા મોકલજો અને આજુબાજુવાળા કોઈપણ જ્ઞાતિના લોકોને રકતદાન કરવા પ્રેરીત કરશો.

**રકતદાન-તા. ૦૭-૦૮-૨૦૧૬ રવિવારના ૯ થી સાંજના ૫ વાગે સુધી**

**સ્થળ :** શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા, એલ.બી.એસ. માર્ગ, કુરલા કોર્ટની બાજુમાં, જુના પોસ્ટ ઓફિસ સામે, કુરલા-વેસ્ટ, મું.-400 070.

રકતદાન કન્વીનરો :

(૧) ચેતન નવીનચંદ્ર સંગોઈ : મો. નં.: 98927 84859
(૨) નિલેશ રવજી દેઢિયા : મો. નં.: 98202 20885
(૩) ગિરીશ ગાંગજી છેડા : મો. નં.: 80801 03442

નોંધ : બધા રકતદાન કરવાવાળાને સર્ટિફિકેટ તથા રકતકાર્ડ આપવામાં આવશે.

બધા વેપારી, વેપારીભાઈઓને નમ્ર વિનંતી કે આપ તથા આપના સ્ટાફના માણસોને રકતદાન કરવા જરૂરથી મોકલજો.

એજ લિ. શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા

પ્રમુખશ્રી વિરચંદ મુરજી વિસરીયા (ગામ-મોખા) મો. નં.: 98191 33088

(J-87829)

# SALE

SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE SALE
SALE SALE SALE SALE SALE

# આજે છેલ્લો દિવસ



## FLAT ₹ 139/-

ભવ્ય મજુરી ડિસ્કાઉન્ટ

916 હૉલમાર્ક દાગીનાની મજૂરી
₹ 139/- ફક્ત પ્રતિ ગ્રામ

રીયલ ડાયમંડ જ્વેલરીમાં
₹ 0/- મજૂરી

18 ct GB અને ઈટાલીયન જ્વેલરીમાં
50% સુધીની છૂટ

તમારા જૂના દાગીનાની પૂરી કિંમત
મેળવો કેરેટ પ્રમાણે

# LAXMI JEWELLERS™

Since1985

(Khar-West)

OPEN ON ALL DAYS 10.30 am TO 8.00 pm

શોપ નં.૧, પ્રભુકુંજ, ૫મો રસ્તો, જ્વેલ પેલેસ હૉટેલની બાજુમાં, ખાર-વેસ્ટ, મુંબઈ-૫૨
ફોન : ૨૬૦૦ ૦૭૦૧ / ૦૨.
Email : laxmijewels1985@gmail.com

(M-15086)

# શ્રી સામખીયારી યુવક મંડળ-મુંબઇ

વતી

## આભાર - આભાર - આભાર

ઉપરોક્ત મંડળ દ્વારા આયોજિત વન-ડે મોનસુન પીકનીક-વેટ & જોય રીસોર્ટ લોનાવાલા મધ્યે પધારેલા સર્વે ગામવાસીઓ તરફથી સારો સાથ સહકાર મળ્યો તે બદલ મંડળ ગામવાસીઓનો ખુબ-ખુબ આભાર માને છે અને ભવિષ્યમાં પણ આવો સાથસહકાર ગામવાસીઓ તરફથી મળતો રહે એવી અપેક્ષા...

* બસની વ્યવસ્થા કરી આપનાર શ્રી મયુરભાઇ અને શ્રી ગોવીંદભાઇનો ખુબ-ખુબ આભાર...

* વેટ & જોય રીસોર્ટમાં જમવાની વ્યવસ્થા કરી આપનાર માલપાની ગ્રુપના સર્વે કાર્યકર્તાઓ ખૂબ-ખૂબ આભાર...

* ટિકિટ વિતરણ માટે પોતાના સેન્ટરો આપનાર કાર્યકર્તાઓનો ખૂબ ખૂબ આભાર.

* પીકનીક દરમ્યાન મંડળના કોઇ કાર્યકર્તાઓ તરફથી કોઇનું મન દુભાયું હોય તો મિચ્છામિ દુક્કડમ...

અને ભવિષ્યમાં પણ ગામવાસી ભાઇઓ-બહેનો-વડીલો-તથા યુવાનો તરફથી આવો જ સારો સાથ-સહકાર મળતો રહે એવી આશા.

લિ. મંત્રીઓ

(M-15084)



પત્રિકા સૌજન્ય

શ્રીમતી નાનુબેન દામજી નોંઘા ગડા



## શ્રી ચકાલા જે.બી. નગર અજરામર જૈન સંઘ અંધેરી-ઇ.

ચકાલા શ્રી સંઘના મહાન પુણ્યોદયે લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત ગુરૂદેવ પૂ. શ્રી ભાવચન્દ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની ધન-મંજુલ-ગુણ મૈયાના સુશિષ્યાઓ મધુરવ્યાખ્યાતા પૂ. શ્રી જ્યોતિપ્રભાજી મહાસતીજી, મધુરકંઠી પૂ. શ્રી તોરલકુમારીજી મહાસતીજી ઠા.-૨ ચાતુર્માસાર્થે નિહારંભી પ્રવેશ કર્યો છે. પૂ.શ્રીઓની પાવન પધરામણીથી શ્રી સંઘમાં અનેરો આનંદ મંગલ વર્તાઇ રહ્યો છે અને ધર્મઆરાધના ઉત્કૃષ્ટ પ્રમાણે થઇ રહી છે. રોજના

(૧) કપલ આજ્ઞા દર્શન, (૨) ભક્તામર પ્રાર્થના ૯ થી ૯.૩૦
(૩) વ્યાખ્યાન : ૯.૩૦ થી ૧૦.૩૦
(૪) નમસ્કાર મહામંત્રના જાપ ૧૦.૪૫ થી ૧૧.૧૫ તેમજ
(૫) બાલદર્શન અભિયાન, (૬) કપલ દર્શન
(૭) દર શનિ.-રવિ. બાલસંસ્કાર શિબિર
(૮) દર સોમ-નારી સંસ્કાર શિબિર
(૯) ૪૯ પ્રતિક્રમણ બેનો માટે
(૧૦) દર રવિ.ના વિવિધ પ્રકારના જાપ અનુષ્ઠાન
(૧૧) દર રવિ.ના ચકાલા જે.બી. નગર રાજસ્થાની ભાઇઓનું પ્રાર્થના મંડળ વગેરે ધાર્મિક અનુષ્ઠાનો રહેશે.

સહુએ દર્શન-વંદન-જિનવાણીનો લાભ લેવા વિનંતી.

લિ. : સંઘ પ્રમુખ
શ્રી ચકાલા જે.બી. નગર, અજરામર જૈન સઘ, અંધેરી -ઇ.

(D-88022)

" SWAMI SHREEJI "

## શીખો ટ્રેડીશનલ ગરબા

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત

Estd. 1998



SSGD™

SONI'S SCHOOL OF GARBA DANCE

...Taking GARBA Global

મેળવો ખાસ ગ્રુપ ડિસ્કાઉંટ



બધીજ ઉમરના લોકો માટે.

ખાસ રવિવાર માટે

સ્પે.બેચીસ

શરૂ થઈ રહયા છે!!

કાંદિવલી | મલાડ | વિલેપારલા | જુહુ | ચર્ની રોડ



JIGAR SONI | SoniSchoolofGarbaDance | Soni's School of Garba Dance | SUHRAD SONI

વધુ માહિતી માટે સંપર્ક: દિનેશ ગાલા - સાડાઉ (J-87836)

99201 87776 • 98201 93848 • 98200 68733

DEV GRAPHICS - 93 23 84 28 28

॥ જય અજરામર ॥ ॥ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ॥ જય મહાવીર ॥



પૂ. આચાર્ય સમ્રાટ
શ્રી અજરામર તીર્થધામ



પૂ. શાસન પ્રભાવક ગુરૂદેવ
નુતન આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી

# શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ - એમ. જી. રોડ ગોરેગામ (વેસ્ટ)

સંચાલિત

## માતુશ્રી મોંઘીબેન સામત સાંગણ ગાલા (ભચાઉ) ધર્મસ્થાનક

### આચાર્ય સમ્રાટ શ્રી અજરામરજી સ્વામીનો જય હો

### શાસન પ્રભાવક ગુરૂદેવ નુતન આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીનો જય હો

# આવ્યા ચાતુર્માસના વધામણા

આપણા શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ એમ. જી. રોડ ગોરેગામ વેસ્ટ શ્રી સંઘના મહાન પુણ્યોદયે તેમજ અમારા **સંઘના સ્થાપક શાસન પ્રભાવક** પુજય ગુરૂદેવ **આચાર્ય ભગવંત શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીની** અસીમ કૃપાથી અમારા શ્રી સંઘ ને સંવત ૨૦૭૨ નું ચાતુર્માસ લીંબડી અજરામર સંપ્રદાયના પુ. આચાર્ય ભગવંત **રૂપ -નવલ–રામ** ગુરૂદેવના સુશિષ્ય પૂ. શાસન પ્રભાવક ગુરૂદેવ **આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી**ના આજ્ઞાનુવર્તીની તેમજ સ્વ. વડેરા ગુરૂણી શ્રી **પુ. સુરજબાઈ મહાસતીજી** તથા વિદુષી પુ. ગુરૂણી **શ્રી વિજયાબાઇ સ્વામી**ના સુશિષ્યા શાસન પ્રભાવિકા **પુ. બા.બ્ર. ઝરણાબાઇ મહાસતીજીના સુશિષ્યાઓ બા.બ્ર. પુ. મહાસતીજી બા.બ્ર. શ્રેષ્ઠતાકુમારીજી (ભચાઉ), પુ. મહાસતીજી બા.બ્ર. પાત્રતાકુમારીજી (લાકડીયા), પુ. મહાસતીજી બા.બ્ર. વિલક્ષીકુમારીજી (ચૈન્નઇ,અંજાર) પુ. મહાસતીજી બા.બ્ર. નમસ્કૃતિકુમારીજી (વલસાડ-લાઠી)**આદિ ઠાણા ચાર ચાતુર્માસ અર્થે કોકણ ગોવાથી ઉગ્ર વિહારકરી તા.૧૭-૭-૨૦૧૬ ને રવિવારના ચાતુર્માસ અર્થે આપણા શ્રીસંઘમાં પધારેલ છે.

શ્રી સંઘમાં ચાતુર્માસ દરમિયાન થનાર દરેક જાતના અનુષ્ઠાનો ૧) સાધર્મિક ભક્તિ ૨) વ્યાખ્યાન બાદ પ્રભાવના ૩) નારી સંસ્કાર શિબિર ૪) બાળ સંસ્કાર શિબિર ૫) ધર્મકરણીની અનુમોદનાના શુભેચ્છક દાતા તરીકે રૂ.૧૧,૦૦૦/- ના અંકે રૂપિયા અગિયાર હજાર ના એક એવા દાતાશ્રીઓ આવકાર્ય છે.

અનુમોદના આપનાર દાતાશ્રીઓના નામનુ બેનર સંઘના વ્યાખ્યાન હોલમાં બાર મહિના સુધી લગાડવામાં આવશે. દાન રાશી આપીને આપ સંઘના દરેક અનુષ્ઠાનો ના જે સંઘે નક્કી કરેલ છે તે સર્વે અનુષ્ઠાનોના શુભેચ્છક અનુમોદનાના દાતા બનવાનુ સૌભાગ્ય પ્રાપ્ત કરશો.

## આ રહ્યા અમારા શ્રી સંઘના શિરોમણી દાતાશ્રીઓ

| | |
|---|---|
| માતુશ્રી જીવતીબેન વેલજી ખેતશી નિસર | (લાકડીયા) |
| શ્રીમતી શાંતાબેન પ્રેમજી વેલજી નિસર | (લાકડીયા) |
| શ્રીમતી રેખાબેન વિપુલ પ્રેમજી નિસર | (લાકડીયા) |
| શ્રીમતી ભારતીબેન જયેશ પ્રેમજી નિસર | (લાકડીયા) |
| કુ.દિયા, સાહિલ, કેવિન, જૈની,કાશ્વી નિસર | (લાકડીયા) |
| શ્રીમતી અમૃતબેન દામજી લખમશી ફરીયા | (ભચાઉ) |
| શ્રીમતી વર્ષાબેન હિરેન દામજી ફરીયા | (ભચાઉ) |
| શ્રાવિકા મહિલા મંડળ , એમ.જી.રોડ, | ગોરેગામ |
| શ્રાવિકા મહિલા મંડળ , એમ.જી.રોડ, | ગોરેગામ |
| માતુશ્રી મુરઇબેન ગાંગજી હિરજી રીટા | (લાકડીયા) |
| શ્રીમતી અરૂણાબેન નવિન ગાંગજી રીટા | (લાકડીયા) |
| માતુશ્રી લક્ષ્મીબેન ભાણજી ખેરાજ કારીયા | (લાકડીયા) |
| શ્રીમતી જયશ્રીબેન જયંતીલાલ ભાણજી કારીયા | (લાકડીયા) |
| શ્રી લાલજીભાઇ ઉગાભાઇ લાખાભાઇ શાહ | (લાકડીયા) |
| શ્રીમતી ખેતઇબેન લાલજીભાઇ ઉગાભાઇ શાહ | (લાકડીયા) |
| શ્રીમતી માનુબેન રામજી મણશી ગડા | (લાકડીયા) |
| માતુશ્રી વેજીબેન દામજી શીવજી નિસર | (ભચાઉ) |
| માતુશ્રી પુંજીબેન ધરમશી શીવજી નિસર | (ભચાઉ) |
| માતુશ્રી લક્ષ્મીબેન જીવરાજ ખીમજી ફરીયા | (લાકડીયા) |
| માતુશ્રી રામુબેન ભચુભાઈ ભીમા રીટા | (લાકડીયા) |
| શ્રીમતી જવેરબેન કાંતીલાલ ભચુભાઇ રીટા | (લાકડીયા) |
| શ્રીમતી પ્રભાબેન પ્રેમજીભાઇ શંભુભાઇ ગાલા | (લાકડીયા) |
| શ્રીમતી પાર્વતીબેન ઉમરશી આસધીર ગડા | (લાકડીયા) |
| શ્રીમતી શાંતીબેન કાનજી ભચુભાઈ રીટા | (લાકડીયા) |
| શ્રીમતી કમળાબેન હરિલાલ ભચુભાઈ રીટા | (લાકડીયા) |
| શ્રીમતી પદ્માબેન શાંતીલાલ ભચુભાઇરીટા | (લાકડીયા) |
| શ્રીમતી શાંતીબેન બાબુલાલ પેથાભાઇ શાહ | (લાકડીયા) |
| માતુશ્રી ભચીબેન કાનજી પોપટ ગાલા | (લાકડીયા) |
| શ્રીમતી મણીબેન નાનજી પરબત ગાલા | (લાકડીયા) |
| માતુશ્રી પાર્વતીબેન દામજી માંઇયા ગાલા | (લાકડીયા) |
| શ્રીમતી રંજનબેન મોતીલાલ પુંજાલાલ શાહ | (લાકડીયા) |
| માતુશ્રી ચાંપુબેન કાનજી ભીમશી ફરીયા | (લાકડીયા) |
| માતુશ્રી અમૃતબેન દેસર લધા ગડા | (મનફરા) |
| માતુશ્રી રતનબેન રતનશી જેઠાલાલ સાવલા | ( કકરવા) |
| માતુશ્રી નાનબાઇ નાનજી માડણ ફરીયા | (લાકડીયા) |
| શ્રી જયંતીલાલ મોતીલાલ ગડા | (આધોઇ) |
| શ્રીમતી હેમલતાબેન પ્રેમજી મણશી ગાલા | (લાકડીયા) |
| માતુશ્રી દેશરીબેન કોરશી સામત નંદુ | (લાકડીયા) |
| માતુશ્રી મણીબેન ખીમજી સામત નંદુ | (લાકડીયા) |
| શ્રીમતી પ્રેમીલાબેન જંયતીલાલ માંડણ ગડા | (લાકડીયા) |
| શ્રીમતી મંજુલાબેન મોતીલાલ ઘેલાભાઇ છાડવા | (લાકડીયા) |
| માતુશ્રી રાજીબેન કાનજી વાલજી છેડા | (લાકડીયા) |
| શ્રીમતી તપસ્વીની પુષ્પાબેન રૂપશી કાનજી છેડા | (લાકડીયા) |
| માતુશ્રી લાડુબેન ખેતશી કાનજી છેડા | (લાકડીયા) |
| શ્રીમતી કલ્પનાબેન રમણીકભાઇ કેશવજી છાડવા | (સામખીયારી) |
| શ્રીમતી પાર્વતીબેન લાલજી કાનજી છેડા | (લાકડીયા) |
| માતુશ્રી દિવાળીબેન હરખચંદ નાગશી ગડા | (લાકડીયા) |
| શ્રીમતી રમીલાબેન લાલજી હરખચંદ ગડા | (લાકડીયા) |
| માતુશ્રી ઉર્મીલાબેન માલશી હરખચંદ ગડા | (લાકડીયા) |
| હ. પ્રફુલભાઇ અને દિપેશભાઇ ગડા | |
| શ્રીમતી અરૂણાબેન રમેશ હરખચંદ ગડા | (લાકડીયા) |
| માતુશ્રી મીઠીબેન ભુરાલાલ રામજી ગાલા | (નંદાસર) |
| માતુશ્રી આસઇબેન પોપટલાલ મોમાયા ગડા | (લાકડીયા) |
| શ્રીમતી ભાનુબેન કેશવજી મેઘજી રીટા | (લાકડીયા) |
| માતુશ્રી મોંઘીબને નેણશી ડોસાભાઇ ગડા | (લાકડીયા) |
| શ્રીમતી ગીતાબેન ગીરીશ હભુભાઇ ગડા | (લાકડીયા) |
| શ્રીમતી મંજુલાબેન નરશી કરમણ ગડા | (લાકડીયા) |
| શ્રીમતી ડાઇબેન કાનજી માલશી નંદુ | (ખારોઇ) |
| માતુશ્રી મણીબેન લક્ષ્મીચંદ વશનજી સાવલા | (કચ્છ-વડાલા) |
| શ્રીમતી જવેરબેન કાનજી કરમણ ગડા | (લાકડીયા) |
| માતુશ્રી કેશરબેન નરશી વેરશી નિસર | (લાકડીયા) |
| માતુશ્રી નવલબેન કાનજી વાલજી ગડા | (સામખીયારી) |
| શ્રીમતી ભાનુબેન શાંતીલાલ અરજણ ગાલા | (લાકડીયા) |

**ઉપરોક્ત નામો આવેલ છે તેમને ખુબ-ખુબ ધન્યવાદ. શ્રી સંઘના કાર્યમાં આપ જેમ બને તેમ જલ્દીથી આપનો અનુદાન લખાવી આવનાર ચાતુર્માસ ભવ્યથી ભવ્ય ઉજવવા માટે અમોને સહકાર આપવા ખાસ વિનંતી.**

**ખાસ નોંધ : તા. ૫.૦૮.૨૦૧૬ છેલ્લી તારીખ છે. તા. ૫.૦૮.૨૦૧૬ પછી**

**રૂ. ૧૧,૦૦૦/- ના જેના પણ નામો આવશે તેમના નામ બોર્ડ ઉપર મૂકવામાં નહી આવે. એની નોંધ લેશો**

**તા. ૫.૦૮.૨૦૧૬ પહેલા રૂ. ૧૧,૦૦૦/- જેમના નામ આવશે તેની નામાવલી ૧ વર્ષ માટે સ્થાનકના હૉલમાં બોર્ડ ઉપર મુકવામાં આવશે.**

લિ. શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ - એમ. જી. રોડ, ગોરેગામ (વેસ્ટ) ફોન :- ૨૮૭૯૨૨૫૨ મંત્રીઓ (૧) શ્રી બાબુલાલ પેથા શાહ (૨) શ્રી દિનેશ રતનશી સાવલા



પત્રિકા સૌજન્ય

## માતુશ્રી રાજીબેન કાનજી વાલજી છેડા લાકડીયા
## હસ્તે તપસ્વીની પુષ્પાબેન રૂપશી કાનજી છેડા
## (ફેમીલીયર પરિવાર)



(M-15090)
Adv. by સંપૂર્ણ Graphics - 9820218030




**મારા આદરણીય જ્ઞાતિસ્વજનો,**

**નમસ્કાર!**

હું લક્ષ્મીચંદ ચરલા, આપ સૌ સ્વજનોના આશીર્વાદથી જીવનનો એક નવો અધ્યાય આલેખવા જઇ રહ્યો છું.

**૧૫ ઑગસ્ટ ૨૦૧૬**ના દિવસથી ગુજરાતી અખબારોની દુનિયામાં હું કદમ મુકવા જઇ રહ્યો છું.

'રણહાક' નામનું ગુજરાતી દૈનિક અખબાર શરૂ કરી રહ્યો છું. આ અખબાર સામખીયાલીથી પ્રતિદિન સવારે પ્રગટ થશે અને ગામે-ગામ જશે.

અખબારી જગતમાં **'રણહાક'** કંઇક નોખું અનોખું પ્રદાન કરશે.

**'રણહાક'**માં રાષ્ટ્રીય-પ્રાદેશિક સમાચારોની સાથે સાથે વાગડ વિસ્તારના સમાચારો પ્રસિદ્ધ થશે. **'રણહાક'**માં વાગડ વિસ્તારની વેદના-વ્યથા અને ખુશહાલીનો પડઘો પડશે.

મુંબઇમાં બેઠેલા આપ તમામ **'રણહાક'**માં જાહેરાતો મોકલાવીને **'વતન'** સાથે જોડાઇ શકશો.

અહીંના સ્થાનિક પ્રજાજનોમાં આપના કાર્યો અને સિદ્ધિ, આપની જાહેર સંસ્થાઓના કાર્યો અને સિદ્ધિને **'રણહાક'**માં જાહેરાત આપીને લોકભોગ્ય બનાવી શકશો.

દેરાસરો - સ્થાનકો - પાંજરાપોળોને લગતા ધાર્મિક અને સેવા કાર્યોની જાણકારી સ્થાનિક પ્રજાને **'રણહાક'**માં જાહેરાત આપીને આપ પહોંચાડી શકશો.

આપની વ્યક્તિગત સિદ્ધિઓ, લગ્નની રજત જયંતીની શુભેચ્છાઓ, જન્મદિવસની શુભકામનાઓ કે પછી શ્રદ્ધાંજલિની જાહેરાતો પણ મોકલાવી શકો છો.

સાથે સાથે આપની સંસ્થાઓ દ્વારા થતા શુભ અને સેવા કાર્યોની માહિતી-સમાચાર અને ફોટોગ્રાફ મોકલાવશો તો તેને પણ **'રણહાક'**માં પ્રસિદ્ધ કરતો રહીશ.

મારું દૈનિક ગુજરાતી અખબાર **"રણહાક"** સરહદની સાવજ ગર્જના કરતું આપને ખૂબ જલ્દી જોવા મળશે - આપ સૌની શુભકામના મને મળશે એવી **'શ્રદ્ધા'** છે...

આપનો સ્નેહાધીન,

**લક્ષ્મીચંદ પી. ચરલા**

## જાહેરાતના દર

| | |
|---|---|
| ફુલ કલર પેજ ........................ રૂા. ૧૫,૦૦૦ | ફુલ પેજ બ્લેક/વ્હાઈટ ............ રૂા. ૧૨,૦૦૦ |
| હાફ કલર પેજ ........................ રૂા. ૭૫૦૦ | હાફ પેજ બ્લેક/વ્હાઈટ ............ રૂા. ૬૦૦૦ |
| ક્વાર્ટર કલર પેજ ..................... રૂા. ૩૭૫૦ | ક્વાર્ટર પેજ બ્લેક/વ્હાઈટ ........ રૂા. ૩૦૦૦ |

**બોક્સ કોલમ-૨ : રૂા. ૧૫૦૦**

(M-15083)

'રણહાક' (દૈનિક), નેશનલ હાઈવે નં. ૮, સિદ્ધિવિનાયક પેટ્રોલપંપની બાજુમાં, નવા બસ સ્ટેન્ડની સામે, સામખીયારી
તા. ભચાઉ, કચ્છ-૩૭૦૧૫૦ ranhak2016@gmail.com Mobile : 09867545744

Printed and Published by CHAMPSHI DEVSHI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The owner), printed at JAYANT PRINTERY 352/54, J.S.S. Road, Murlidhar Mandir Compound, Near Thakurdwar Post Office, Mumbai - 400 002. Ph.: 4366 7171 and Published at Shri WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN Office : Shree Parimal II, 103, 1st Floor, Daftary Road, Malad (E.), Mumbai - 400 097. Ph.: 2881 4346, 2882 4346, Fax: 2888 4346. Editor : LAXMICHAND POPATLAL CHARLA